

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*દેશ-વિદેશથી અને કોર્ટના મુક્કા મળી જાય છે,
અણઘડ તઘલખી તંત્રના તૂક્કા તૂટી જાય છે!
ભૂક્કા બોલી રહ્યા છે ખોખલી અને ખોટી-ઈમેજના
પ્રાણવાયુ વિના ભલભલાના છક્કા છૂટી જાય છે*

**હાઈકુ**

*ધરતીકંપે
થૈ ગ્યા'તા બે પાંદડે -
થ્યા વટવૃક્ષ!
(વહીવટ વેન્ટીલેટર પર)*

*રોગથી નહીં
રાખો માણસાઈને
પ્રભુનો ડર -
(રાખો શ્રદ્ધા - હિંમત)*

### ચિંતન

*અગ્ના રયિમશ્નવત પોષમેવ દિવેદિવે ।
યશસં વીરવત્તમમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

આપણે ઈશ્વર બાવેલા નિયમો અનુસાર જ ધન કમાઈએ. બેઈમાનીપૂર્વક ધન કમાવાથી દૂર રહેવું જોઈએ. અયોગ્ય રીતે કમાયેલું ધન આપણે ન રાખીએ. ધર્મયુક્ત રીતે ધન કમાઓ અને ધર્મનાં કાર્યમાં તેને વાપરો.

આ સંસારમાં સર્વત્ર ધનની જ બોલબાપા છે. કોઈ નાનું કામ હોય કે પછી મોટું હોય, ધર્મ હોય કે પછી રાજનીતિ, સાધના હોય કે વ્રત કે અનુષ્ઠાન બધા કાર્ય માટે ધનની જરૂર પડે છે.

વેદો દ્વારા નિર્દેશ આપવામાં આવ્યો છે કે મનુષ્યે ધર્મ અનુસાર આચરણ કરી ને જ પ્રબળ પુરુષાર્થ દ્વારા વધારે ને વધારે ધન કમાવાાનો પ્રયત્ન કરવો જોઈએ. આવું ધન જ પવિત્ર હોય છે. તેના દ્વારા મનુષ્યને સુખ, શાંતિ અને સંતોષ પ્રાપ્ત થાય છે. પવિત્ર ધન લોકોમાં સાત્ત્વિકતાનો વિકાસ કરે છે અને બધાને સત્ય આચરણ કરવાની પ્રેરણા આપે છે. મનુષ્યનાં જીવનમાં સૌથી પહેલું સ્થાન ઈશ્વરનું છે, તેના પછી ચારિત્ર્યનું અને ત્યારબાદ ધનનું સ્થાન છે.

### સુવિચાર

- કર્મો કા ખાતા ભી દુરસ્ત રખીયેં, જનાબ, જિસ દિન ઉસકા માર્ચ આયેગા,
  ફિર એપ્રિલ નહીં આયેગી - **શાન્તનુદાસ**
- થોડું બોલીને શબ્દોમાં વજન રાખશો ને સાહેબ,
  તો કોઈ કયારેક તમારી ડીગ્રી પૂછવાની હિંમત નહીં કરે - **અર્જુન રાણીંગા**
- શાસ્ત્રો કેવા સુંદર છે, છતાં તેમના વાંચનારા ઘટી ગયા - શસ્ત્રો ખતરનાક છે,
  તોયે તેમને વાપરનારા વધી ગયા!! - **એસ. ભટ્ટાચાર્ય**
- ભગવાને કોઈનું નસીબ ખરાબ લખ્યું જ નથી,
  એ તો આપણને દુઃખ આપીને ખોટા રસ્તેથી પાછા વાળવા માંગતા હોય છે - **અમૃતબિંદુ**
- સંબંધો કામમાં આવશે એવો ભરોસો રાખવો નહીં - **જીવન પાથેય**
- સમાજના ત્રણ ઘરેણા, 'માન, મર્યાદા અને મોભો' જો હણાતા હોય તો એકવાર થોભો!! - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : નાગરવેલના પાનના રસને નારિયેળ તેલ સાથે નવશેકું ગરમ કરી સ્નાયુના દુઃખાવા પર લગાવવાથી દુઃખાવો મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બંગાળના સત્યનિષ્ઠ ન્યાયધીશ નીલ માધવ બંદોપાધ્યાયને એક વીમા એજન્ટ પાસે પાંચ હજારનો વીમો ઊતરાવ્યો. વીમા એજન્ટે આગ્રહ રાખ્યો કે નીલ માધવના ડાયાબિટીસની માહિતી છુપાવી. આ ભૂલ કર્યાનો તેમને કાયમ મનમાં ડંખ રહેતો. એમના અંતિમ દિવસોમાં તેઓ બેચેન રહેવા લાગ્યા. એમના પત્નીને નીલ માધવની બેચેની કળી લીધી. તેમણે પતિને પરેશાનીનું કારણ પૂછ્યું. નીલ માધવે કહ્યું, 'પાંચ વર્ષ પહેલાં વીમો લેતી વખતે વીમા એજન્ટના આગ્રહને કારણે ડૉકટરને મારા ડાયાબિટીસ રોગનો ઉલ્લેખ કર્યો ન હતો. આ અસત્ય આચરણ મને મારી પરેશાનીનું કારણ છે. હું પ્રાયશ્ચિત કરવા માંગુ છું પણ હવે પ્રાયશ્ચિત કરવું કેવી રીતે ? તમે જો એ વીમા એજન્ટને બોલાવો તો હું એની સાથે વાત કરી મારો આ વીમો કેન્સલ કરાવી દઉં. હું નથી ઈચ્છતો કે મારા આ વીમાના પાકતા પૈસા મારા પરિવારને મળે.' એ વખતે પાંચ હજારનો વીમો મોટી રકમ ગણાતી. વીમા એજન્ટ આવ્યો. એણે જજ સાહેબને સમજાવવા કહ્યું, 'સાહેબ, આ તો મામુલી વાત છે. આટલા જૂઠ્ઠાણાથી કોઈનું કશું જ બગડવાનું નથી.' પરંતુ બંદોપાધ્યાય સાહેબ ન જ માન્યા અને જીવનના અંતિમ દિવસોમાં એ પ્રીમિયમ જતું કરીને વીમો કેન્સલ કરાવી દીધો. મૃત્યુના બે દિવસ પહેલાં જ એમણે એમના પત્નીને કહ્યું, 'હવે મારું મૃત્યુ નજીક છે. મારા મન પર કોઈ બોજ નથી. આખરે હું મારી સાથે ન્યાય કરી શક્યો છું.'

# સંક્રમણ અને હિંસા નિયંત્રિત કરવા જરૂરી

**તંત્રીસ્થાનેથી...**

થોડોક સધિયારો એ મુદ્દે લઈ શકાય એમ છે કે કોરોના સંક્રમણ છેલ્લા કેટલાક દિવસ દરમિયાન અગાઉની સરખામણીએ ઘટવા લાગ્યું છે. સેકટરો અને હોસ્પિટલો પર બેડ, ઓક્સિજન કે ઈંજેક્શન માટે આવતા ફોનમાં ઘટાડો નોંધાયો છે. જો કે તજજ્ઞો તો હજુ મે ના મધ્ય સુધીમાં 'પીક' પિરિયડની જ આગાહી કરતા રહે છે. પરંતુ અંગત રીતે લોકજાગૃતિ સ્વૈચ્છિક લોકડાઉન જેવી પરિસ્થિતિમાં ફેરવાઈ જતાં સંક્રમણની સાંકળ વહેલી તૂટી શકે છે. આમ છતાં આ બીજી લહેર પછી ત્રીજી લહેર માટે પણ તૈયાર તો રહેવું જ પડશે. ખુદ કેન્દ્ર સરકારના સલાહકારો સ્વીકારે છે કે કોરોના સંક્રમણની ત્રીજી લહેરને આવતી રોકી શકાશે નહીં. રસીકરણ જ એક માત્ર તરણોપાય છે અને તંત્ર એની રેઢિયાળ ઢબે એ કાર્યક્રમ ક્યારેક આગળ ધપાવે છે તો ક્યારેક ડોઝના અભાવે સ્થગિત કરતું રહે છે. રસીકરણ મારફત અમેરિકા કોરોના પર નિયંત્રણ મેળવી શક્યું છે. બ્રાઝિલ અને ભારતના શાસકો કોરોના પર કાબૂ મેળવવામાં નિષ્ફળ રહ્યા છે જેની આખી દુનિયાએ નોંધ લીધી છે. આવી સરિયામ નિષ્ફળતા છતાં ભારત સરકારના મંત્રીઓ એક મુદ્દાની ઝુંબેશ ચલાવી રહ્યા છે; ઓક્સિજન ઉપલબ્ધ કરાવવા બદલ કે રસીકરણ મુદ્દે તેઓ પઢાવેલા પોપટની માફક વડાપ્રધાન પ્રત્યે અહોભાવ અને અભિનંદન વરસાવી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીનો આ જૂનો રોગ છે. વડાપ્રધાનને પણ પ્રશસ્તિ ગમે છે. એટલે કોરોના સંક્રમણને નિયંત્રણમાં લેવાની કામગીરી કરતાં એમના મંત્રીમંડળના સાથીઓ વડાપ્રધાનની પ્રશંસા કરી એમની 'ગુડલુક'માં રહેવા ધમપછાડા કરી રહ્યા છે.

પશ્ચિમ બંગાળમાં ઊંધે માથે પટકાયા પછી હવે ત્યાંના ભારતીય જનતા પાર્ટીના નેતાઓ-જેમાં ખુદ રાજ્યપાલ ધનખડ બધી જ મર્યાદાઓ છોડીને સામેલગીરી દર્શાવતા રહ્યા છે - મમતા બેનરજી અને તૃણમુલ કોંગ્રેસ વિરૂદ્ધ રાજ્યમાં હિંસા ભડકાવવાના સીધા કે આડકતરા આક્ષેપો કરતા રહે છે. ધનખડે અગાઉ પણ વડાપ્રધાન, ગૃહપ્રધાન અને પાર્ટીની કેન્દ્રીય નેતાગીરીને વહાલા થવા મમતા બેનરજી વિરૂદ્ધ પાર વગરનું ઝેર ઓકેલું છે. હવે જ્યારે પ્રજામત મમતાને ત્રીજીવાર પશ્ચિમ બંગાળનું સુકાન સંભાળવાનો આદેશ આપી ચૂક્યો છે ત્યારે હિંસાના મુદ્દે ધનખડ કેન્દ્ર સરકારને પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા માટેની ભલામણ કરે તો આશ્ચર્ય ન જ થવું જોઈએ. એમણે શપથવિધિ વખતે જ મમતાને વણમાગી સલાહ આપીને 'રાજધર્મ' બજાવવાનું જરૂરી ગણાવ્યું છે. આ 'રાજધર્મ' શબ્દ છેક વાજપેયી યુગથી જાણીતો છે. વાજપેયીએ ગુજરાતનાં કોમી રમખાણો નિમિત્તે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને રાજધર્મની યાદ અપાવી હતી. જો કે બંગાળની વાઘણ કોઈ ધનખડ-બનખડથી બીએ તે વાતમાં માલ નથી. એમણે સ્પષ્ટતા કરી હતી કે ચૂંટણી જાહેર થઈ ત્યારથી અત્યાર લગી ચૂંટણી પંચની જવાબદારી બનતી હતી કે એ હિંસા રોકાવે. હવે પછી પોતાની સરકાર કડક હાથે હિંસાને ડામી દેવા કૃતસંકલ્પ છે. જો કે એમણે ટોપ પ્રાયોરિટી કોરોના સંક્રમણને આગળ વધતું અટકાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની બાબતને આપી છે. એમણે લોકડાઉન પ્રકારનાં જ નિયંત્રણો લાદીને એનો પ્રારંભ કરી દીધો છે. હિંસા જે વિસ્તારોમાં થઈ છે ત્યાં ભાજપના ઉમેદવારો જીત્યા છે એ નિરીક્ષણ પણ સૂચક છે. મમતા બેનરજી માટે આ સમય કોરોના અને હિંસા- બેઉને કંટ્રોલમાં રાખવાની તાકીદ સમાન છે. ધનખડ તો એમનાં છિદ્રો શોધતા જ રહેશે કારણ કે એ કેન્દ્ર સરકારના વફાદાર 'સેવક' પહેલાં છે, રાજ્યના બંધારણીય વડા પછી !

# માતા કુમાતા થાય ના...

**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા



જગદ્‌ગુરુ આદ્ય શંકરાચાર્ય (ઈ.સ. ૭૮૮-૮૨૦) ની જયંતિ વૈશાખ સુદ પાંચમ છે. એમણે ૬૪ સ્તોત્ર-સ્તુતિ-કાવ્યની રચના કરી છે. આમાનું એક 'દેવ્યપરાધક્ષમાપન સ્તોત્ર' છે. ૧૨ શ્લોકનું સરસ સ્તોત્ર છે.



આનો સારાંશ આ પ્રમાણે છે :

હે માતા ! મને મંત્રો, સ્તુતિ, ધ્યાન, ધર્મ કથાઓ - આમાનું કશું આવડતું નથી. પરંતુ મને આટલી ખબર છે; જો હું તને અનુસરું, તો મારા બધા દુઃખો દૂર થઈ જાય.

હે કલ્યાણી ! તું તો સૌ કોઈનો ઉદ્ધાર કરે છે. મને વિધિઓની જાણ નથી. મારી પાસે સંપત્તિ નથી. અને હું આળસું પણ છું એટલે તારી પદ્ધતિસરની પૂજા કરતો નથી. પણ મને ખબર છે - પુત્ર કુપુત્ર થાય - માતા કુમાતા નહિ થાય.

હે માતા ! તારે દુનિયામાં ઘણા પુત્રો છે, પણ તેઓ સરળ છે. પરંતુ હું - તારો આ પુત્ર - એકદમ ઉદ્ધત છે. હે કલ્યાણી ! તો પણ તું મારો ત્યાગ નહીં કરે. તને એ યોગ્ય ન જ લાગે. પુત્ર કુપુત્ર થાય - માતા કુમાતા ન જ થાય.

હે માતા ! તું તો જગતમાત્રની માતા છો. મેં કયારેય પણ થી તારાં ચરણો સેવ્યાં, કે નથી ધનની દક્ષિણા આપી. તો પણ તું મને અનુપમ સ્નેહ કરે છે. પુત્ર ભલે કુપુત્ર થાય - માતા કયારેક કુમાતા ન થાય.

અત્યાર સુધી મેં બીજા બધા દેવોની અનેક રીતે વ્યાકુળ થઈને સેવા કરી અને પછી એમને છોડી દીધા. આમાં મારાં પંચાશીથી વધુ વરસો વેડફાઈ ગયા. હવે, હે ગણેશમાતા જો તારી કૃપા મારા ઉપર ન થાય, હું નિરાધાર, કોને શરણે જાઉં ?

હે માતા અર્પણા ! એકવાર પણ જો તારા મંત્ર, કાને પડી જાય, તો જડ માણસ પણ ઉત્તમ વક્તા બની જાય અને દરિદ્ર ધનવાન બની જાય. તો પછી જે કોઈ પોતે તારું નામસ્મરણ કરે, એને કેટલું પળ મળે ?

ચિતા ભસ્મનો લેપ, દિગંબરપણું, ખોપરી ધારણ - આ બધું હોવા છતાં શિવજી 'જગદીશ્વર' ને સ્થાને રહેલા છે. હે ભવાની ! એ, તારી સાથે વિવાહ થયો છે; એને કારણે છે.

હે ચંદ્રમુખી ! નથી મને મોક્ષની ઈચ્છા, નથી સંપત્તિની, કે કોઈ સુખ જોઈતું નથી. હે મા ! મારી એક જ યાચના છે - હું કલ્યાણી, રુદ્રાણી આ રીતના જાપ કરતો રહું અને મારું આયુષ્ય પસાર થઈ જાય.

હે શ્યામા ! મેં તારી આરાધના તો ન કરી, ઊલટું અનિષ્ટ વિચારોથી વાણી ભરેલી રાખી. હું અનાથ છું. મારા પર તેમ છતાં, થોડી પણ દયા કરીશ. અંતે તો, તું મારી મા છો.

હે દુર્ગા ! હે કલ્યાણી ! હું આફતમાં હોઉં, ત્યારે જ તને યાદ કરું છું. મારી આ દુષ્ટતા છે. પણ તું એને મનમાં ન લેતી. ભૂખ્યા-તરસ્યાને તો પોતાની મા જ યાદ આવે.

તું દુનિયાભરની મા છે. મારા ઉપર તારી અપરંપાર દયા હોય, એમાં આશ્ચર્ય ન હોય. પુત્ર વારંવાર અપરાધ કર્યા કરે, તો પણ માતા એની ઉપેક્ષા ન કરે.

તું આટલું સમજી લે. મારા જેવો કોઈ પાપિયો નથી; અને તારા જેવી કોઈ પાપને હણનારી નથી. હવે તને જે યોગ્ય લાગે તે, મારી સાથે કરજે. તું તો મહાન દેવી છો.

૯મી મે વિશ્વ માતૃદિવસ છે. શંકરાચાર્યજીનું આ સુંદર સ્તોત્ર તરત જ યાદ આવી જાય.

# ગુજરાતી સાહિત્યમાં 'આખ્યાનના પિતા' કોણ ગણાય છે?

**ખજાનો**

અનિલ પટેલ



### ગુજરાતી સાહિત્ય

૧ ગાંધી વિચારધારા મુજબ કામ કરતી વિશ્વવિદ્યાલયનું નામ આપો?
(અ) શાંતિનિકેશન (બ) સી.એન. વિદ્યાલય
(ક) ગૂજરાત વિદ્યાપીઠ (ડ) ગ્રામભારતી

૨ 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ' કોણે રચ્યું છે ?
(અ) મેઘાણી (બ) દામોદર બોટાદકર
(ક) ઉમાશંકર જોશી (ડ) ન્હાનાલાલ

૩ 'પ્રબોધ બત્રીસી' કૃતિના રચયિતા કોણ છે ?
(અ) કવિ માંડણ બંધારો (બ) ભીમ
(ક) બાપુ ગાયકવાડ (ડ) અખો

૪ ગુજરાતી સાહિત્યમાં સોનેટ કાવ્યરચના વિકસાવવામાં કોનો વિશેષ ફાળો છે?
(અ) ઉમાશંકર જોષી (બ) દલપતરામ
(ક) ઝીણાભાઈ દરજી (ડ) બળવંતરાય ઠાકોર

૫ કવિ દયારામે કયા સ્વરુપે સૌથી વધુ કૃતિઓ લખી છે?
(અ) આખ્યાન (બ) ચાબખા
(ક) ગરબી (ડ) છપ્પા

૬ 'નદીની રેતમાં રમતું નગર મળે ના મળે' ના લેખક કોણ છે?
(અ) ચીનુ મોદી (બ) આદિલ મન્સુરી
(ક) અમૃત ઘાયલ (ડ) રાજેન્દ્ર શાહ

૭ મનુભાઈ ત્રિવેદીનું તખલ્લુસ કયું છે ?
(અ) દ્વિરેફ (બ) ગાફિલ
(ક) મકરંદ (ડ) સ્વૈરવિહારી

૮ ગુજરાતી સાહિત્યમાં કોની રચનાઓ 'કાફી' તરીકે ઓળખાય છે ?
(અ) કવિ ભોજો (બ) શામળ
(ક) કવિ ધીરો (ડ) અખો

૯ જસમા ઓડણ, રાજાધેરાણ અને ઝૂંડાઝુલણ પાત્રો લખનાર કોણ હતા ?
(અ) રાજેન્દ્ર શુક્લ (બ) પ્રાણલાલ વ્યાસ
(ક) ગિજુભાઈ બધેકા (ડ) અસાઈત ઠાકર

૧૦ ગુજરાતી સાહિત્યમાં સૌપ્રથમ નવલિકાનું નામ શું છે ?
(અ) પોસ્ટ ઓફિસ (બ) ખેમી
(ક) ગોવાલણી (ડ) મુકુન્દરાય

૧૧ 'કાશ્મીરનો પ્રવાસ' પુસ્તકના સર્જક કોણ છે ?
(અ) વિનોબા ભાવે (બ) કવિ કલાપી
(ક) ભોળાભાઈ પટેલ (ડ) ચીનુ મોદી

૧૨ 'સંદેશ રાસક' કૃતિના લેખક કોણ છે ?
(અ) પદ્મનાભ (બ) વિજય ભટ્ટ
(ક) અસાઈત (ડ) કવિ અબ્દુલ રહેમાન

૧૩ ઝવેરચંદ મેઘાણીના લોકગીતો સ્વરબદ્ધ કરનાર ગાયક કોણ છે?
(અ) પ્રાણલાલ વ્યાસ (બ) હેમુ ગઢવી
(ક) પ્રફુલ્લ દવે (ડ) દિવાળીબેન ભીલ

૧૪ ગુજરાતી સાહિત્યમાં 'આખ્યાનના પિતા' કોણ ગણાય છે?
(અ) પ્રેમાનંદ (બ) પ્રીતમ
(ક) ભાલણ (ડ) દયારામ

૧૫ 'મંગળ મંદિર ખોલો' કાવ્યના સર્જક કોણ છે ?
(અ) નરસિંહરાવ દિવેટીયા (બ) સુન્દરમ્
(ક) ચુનીલાલ મડિયા (ડ) ન્હાનાલાલ

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૭ મે :
  - 'ચાબખા' નામના મૌલિક અને માર્મિક કાવ્ય પ્રકારનું સર્જન કરનાર ભોજા ભગતનો જન્મદિવસ (૧૭૯૫)
  - 'ગોડઝીલા' નામની મશહૂર ફિલ્મના જાપાનના સર્જક અને ડાયેરકટર હોન્ડા ઈસિરોનો જન્મદિવસ (૧૯૧૧)
  - અમેરિકામાં ૧૩૦ જેટલા મર્ડર કરનાર સિરીયલ કિલર એચ.એચ. હોલેમને ફાંસી આપવમાં આવી (૧૮૯૬)
  - રવિન્દ્રનાથ ટાગોરનો જન્મદિવસ (૧૮૬૧)
- ૮ મે : આંતરરાષ્ટ્રીય રેડક્રોસ દિવસ / વર્લ્ડ થેલેસેમીયા દિવસ
  - બીજા વિશ્વયુદ્ધની યુરોપમાં સમાપ્તિ થઈ (૧૯૪૬)
  - ફ્રેન્ચના મશહૂર ચિત્રકાર પૌલ ગૌગુઈનનો જન્મદિવસ (૧૯૪૫)
  - વૈશ્વિક સ્તરે રસીકરણ થતાં ડબલ્યુ એચ ઓએ વિશ્વને શીતલા મુક્ત જાહેર કર્યું (૧૯૮૦)
  - અમેરિકન ફાર્માસીસ્ટ જહોન એસ. પેમ્બરટોન એ કોકા-કોલા ડ્રીકને એક ટોનિક તરીકે વિકસાવ્યું.
- ૯ મે : ઈતિહાસ દિવસ / માતૃદિવસ
  - નવલકથાકાર ઈશ્વર પેટલીકરનો જન્મદિવસ (૧૯૧૬)
  - બ્રિટીશ આર્કિઓલોજીસ્ટ હોવાર્ડ કાર્ટરનો જન્મદિવસ (૧૮૭૪)
  - અમેરિકન ફૂડ એન્ડ ડ્રગ વિભાગે ફર્સ્ટ બર્થ કંટ્રોલ પીલને માન્યતા આપી (૧૯૬૦)
  - ગાંધીજીના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેનો જન્મદિવસ (૧૮૬૬)
- ૧૦ મે :
  - આયુર્વેદમાં જેમની નામના છે તેવા ઝંડુ ભટ્ટજીનું નિધન (૧૮૯૮)
  - હરિયાણાની સંતોષ યાદવ માઉન્ટ એવરેસ્ટ બે વખત સરકરનાર પ્રથમ મહિલા બની (૧૯૯૩)
  - નેલ્સન મંડેલા સાઉથ આફ્રિકાના પ્રેસિડેન્ટ બન્યા (૧૯૯૪)
  - અમેરિકાની મશહૂર ડાન્સર અને સિંગર ફ્રેડ એસ્ટ્રેઈરનો જન્મદિવસ (૧૮૯૯)
- ૧૧ મે : ટેકનોલોજી દિવસ
  - માઉન્ટ એવરેસ્ટ પર બર્ફીલા તોફાનના કારણે ૮ પર્વતારોહક માર્યા ગયા (૧૯૯૬)
  - કન્સસ્ટેઈન દ્વારા નવા રોમની સ્થાપના (ઈ.સ. ૩૩૦)
  - અમેરિકન ભૌતિક વૈજ્ઞાનિક રીચાર્ડ ફેઈનમાનનો જન્મદિવસ (૧૯૧૮)
  - અમેરિકન પ્રેસિડેન્ટ જેમ્સ કે પોલોક મેક્સીકો સામે યુદ્ધની ઘોષણા કરી (૧૮૪૬)
- ૧૨ મે : આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ
  - સાહિત્યકાર રમણભાઈ વ. દેસાઈનો જન્મદિવસ (૧૮૯૨)
  - અમેરિકન મશહૂર અભિનેત્રી કેથેરીન હેપબર્નનો જન્મદિવસ (૧૯૦૭)
  - અમેરિકન બેઝબોલ પ્લેયર, મેનેજર અને કોચ યોગી બેચનો જન્મદિવસ (૧૯૨૫)
  - ઈન્ટરનેશનલ નર્સ ડે જેમના નામે ઉજવાય છે તે પ્રોફેશનલ વુમેન નર્સ ફલોરેન્સ નાઈટએંગલનો જન્મદિવસ (૧૮૨૦)
- ૧૩ મે :
  - ગુજરાતી સાહિત્યકાર બહાદુરભાઈ વાંકનો જન્મદિવસ (૧૯૩૭)
  - એસ. રાધાકૃષ્ણન ભારતના બીજા રાષ્ટ્રપતિ બન્યા (૧૯૬૨)
  - ફ્રેન્ચના મશહૂર ચિત્રકાર જયોર્જ બ્રેકનો જન્મદિવસ (૧૮૮૨)
  - અમેરિકન સિંગર અને એકટ્રેસ ડોરીસ ડેનું નિધન (૨૦૧૯)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

કોવીશિલ્ડ રસી કંઈ કંપની બનાવે છે ?

જવાબ : સિરમ ઈન્સ્ટિટયુટ ઓફ ઈન્ડિયા પ્રા.લી.

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૪) ધવલ આર પટેલ : સે-૭ (૫) મીત પી પટેલ : સે-૨૩ (૬) વિજય રાઠોડ : ૨૮ (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૮) શિવાંગ બી પટેલ : સરગાસણ (૯) હાર્દિક ભટ્ટ : સે-૨૪

**આ સપ્તાહનો સવાલ**

પશ્ચિમ બંગાળના રાજયપાલ તરીકે હાલમાં કોણ સેવા આપી રહ્યા છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'અચાર' અને 'આચાર' વિશે વિચાર!

**હળવે હૈયે**

પ્રકાશ લાલા



'અચાર' અને 'આચાર'... બંને શબ્દોમાં ફર્ક માત્ર એક 'કાના'નો જ છે પરંતુ અર્થમાં ખાસ્સો ફેર છે! 'અચાર' એટલે અથાણું.... ભોજનની થાળીમાંથી એક ચટપટું ટેસ્ટી ટેસ્ટી વ્યંજન. જયારે આચાર એટલે વર્તન, વ્યવહાર, વર્તણૂંક.

અત્યારે આ બંને શબ્દો યાદ આવી જવાનું કારણ છે આજનો સમય - માહોલ....

વાત અત્યારે અચાર અને આચાર બંનેની કરવી છે. પણ પહેલાં અત્યારે જેની સિઝન છે તે 'અચાર' કહેતા અથાણાંની કરીએ.

હાલ બેફામ બનેલા કોરોના કાળમાં ય અથાણાં નાખવા કે નાખવા વિશે વિચાર કવરો એ જ સૌથી મોટી પોઝિટિવિટી - સકારાત્મકતા ના કહેવાય ? ઘણાં હિંમત હારીને, આવા કાળમુખા કોરોનામાં જીવીશું કે નહીં એ જ ખબર નથી ત્યારે અથાણાં શું બનાવવાં ?' એમ કહી હામ ગુમાવી બેઠેલાંની સામે, અચાર બનાવવાની તૈયારીઓ કરતી બહેનો આશાવાદ, જીવન પ્રત્યેનો - ઈશ્વર ઉપરની શ્રધ્ધાનો જબરદસ્ત દાખલો પૂરો પાડે છે. આવાં આશાવાદ, હકારાત્મકતા, 'હમ હોંગે કામિયાબ' નો સ્પિરિટ જ હાલના ભયાવહ માહોલોમાં જીવવાનું બળ અને કોરોના સામે લડવાનું જોમ આપી જાય ને ! 'કંઈ થવાનું નથી.... કોરોના કાલે જતો રહેશે... સૌ સારું થશે... અથાણાં નહીં નાખીએ તો પછી બારે મહિના જમવાની ડીશમાં કંઈક ખૂટ્યા કરશે તેનું શું ?' એટલે દર વર્ષની જેમ આ વખતેય અથાણું તો નાંખવું જ પડે...' એવું વિચારી, ડર્યા વિના ભવિષ્યના પ્લાનિંગમાં પરોવાયેલા પણ એક પ્રકારે 'કોરોના વોરિયર્સ' જ ગણાય ને?

એકબાજુ ટેસ્ટ, હોસ્પટિલ બેડ, ઓક્સિજન, ઈન્જેકશન્સ - દવાઓ માટે લોકોની દોડધામમાં હતાશા - જીવન પ્રત્યેની નિરાશા જોવા મળે છે. તો બીજી તરફ અથાણાં માટે કેરી, ગુંદા, ગરમર, સારો અચાર મસાલો, 'પિકલ સ્પેશિયલ' ગોલ વગેરે માટેના બહેનોના આયોજન - તૈયારી તથા એવી જ બીજી પ્રવૃત્તિઓમાં ઉત્સાહ, ઊર્જાનાં દર્શન થાય છે. કદાચ, આ જ વસ્તુ વર્તમાન સંજોગોમાં આપણને 'નેગેટિવિટી'થી બચાવે છે. ચારેકોરથી થઈ રહેલો નકારાત્મક સમાચારોનો મારો ચાલી રહ્યો હોય ત્યારે કોઈક મનગમતી પ્રવૃત્તિમાં મનને પરોવી, પોઝિટિવ રહેવાથી કોરોનાનો ડર દૂર ભાગે છે... એટલે જ આ કિસ્સામાં કહી શકાય કે 'અચાર બને છે જીવનનો આધાર!'

અચાર-અથાણાં ભાતભાતનાં હોય છે ને હવે પહેલાની જેમ કેરી, ગુંદા, લીંબુ, ગરમરના અથાણાં સુધી એની 'રેઈન્જ' સીમિત નથી રહી. હવે તો સફરજન, લીલી હળદર, લીલી દ્રાક્ષ, કારેલા, ટીંડોળાં, ખજૂર એમ વિવિધ પ્રકારના અથાણાં નંખાય છે ને ખવાય છે. કહોને કે જેટલાં બહેનોનાં મગજ (મારી નહીં હોં !) કે એમના આઈડિયા એટલા નવા અચારની 'વેરાઈટીઝ' સાંભળવા - જોવા ને 'લકી' હોઈએ તો ચાખવા - આસ્વાદવા મળે છે!!

જેમ અચાર જાતજાતનાં, એમ માણસના વિચારો અને તેમાંથી જન્મ લેતા આચાર યાને કે આચરણ, વર્તન - વ્યવહાર પણ જાતજાતનાં. 'જેવા ને જેટલા વિચાર, એવા ને એટલા આચાર.' આજે કોરોનાની મહામારી દરમિયાન સમાજના લોકો જે આચાર દાખવે છે તેમાં 'રામ'નાં ય દર્શન થાય છે અને 'રાવણ' નું વરવું રુપ પણ દેખાય છે. કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે વિના મૂલ્યે ઓક્સિજન - દવાઓ પૂરાં પાડનારા, દર્દીઓના વ્યથિત સગાં-સ્વજનો માટે ચા-બિસ્કીટ, છાશ-પાણીની ફ્રી સેવા આપનારા, કોરોનાને કારણે હોમ કવોરોન્ટાઈન થનારાને વિના મૂલ્યે ટિફીન - ભોજન વ્યવસ્થા કરનારા, કોરોના વોરિયર્સને ચા-પાણી, નાસ્તો પહોંચાડનારા સેવાભાવી - દાનવીરોનું આચરણ 'રામ' સમાન જ કહેવાય ને? તો કપરા કાળમાં જનતાની લાચારીનો ગેરલાભ લઈ ઈન્જેકશન્સના બ્લેક કરી, નકલી દવાઓ બનાવી પ્રજાની જિંદગી જોડે રમત રમનારા, ચીજવસ્તુઓની ભાવો વધારી દેનારા, સ્મશાનમાં પહેલો નંબર લગાડવા કે મૃત સ્વજનનાં મુખદર્શન કરાવવા પૈસા પડાવનારા 'રાવણ' વૃત્તિ વાળા ય ઓછા નથી. આવી લાલચ, લાલસા, સ્વાર્થવૃત્તિ ધરાવતા, પૈસાના પૂજારીઓના શરીરમાં દિલની જગ્યાએ પથ્થર હશે ? એમની સંવેદનાઓ થીજી ગઈ હશે ? ઈશ્વરનો ય એમને ડર નથી હોતો અને તેથી જ આવા દુરાચાર (દુષ્ટ આચાર) કરતા એ લોકોની આંતરડી કંકળતી નથી...

એક તરફ સગી જનેતાના મૃત્યુ પછી બીજા જ દિવસે, જરૂરિયાતમંદોની સેવામાં લાગી જનાર ૧૦૮ના પાયલોટ ભાઈ કે સ્વખર્ચે પોતાની રીક્ષામાં એમ્બ્યુલન્સ જેવી સુવિધા ફીટ કરી, ફ્રી ઓફ ચાર્જ સેવા આપનારા સામાન્ય માનવીઓ અથવા તો 'મેં તો જિંદગી ઘણી જીવી લીધી છે... આ પેશન્ટ નાની ઉંમરનાં છે...' કહીને હોસ્પિટલમાં પોતાને મળેલ 'બેડ' પોતાના જીવના જોખમે બીજાને સમર્પિત કરનાર દયાવાનના દાખલા વાંચીને હૈયું ખુશી અનુભવે છે... તો પરિસ્થિતિનો (ગેર) ફાયદો ઉઠાવીને કમાઈ લેવાની હિન-દીન વૃત્તિવાળાઓના કુઆચાર જોઈ રડી પડાય છે!!

પૃથ્વીવાસીઓનાં કુકર્મો, જગતમાં આપણા સિવાય બીજા જીવોને જીવવાનો અધિકાર નથી એમ માનીને વર્તનારા વિકાસના નામે કુદરતે બક્ષેલા હવા-પાણી-વૃક્ષોનો સફાયો કરનારા આપણે - ઈશ્વર - કુદરત એથી નારાજ થઈને આપણા પર કોપાયમાન બની, કોરોના થકી સજા આપી રહ્યા છે. તે સમજ્યા વિના હજી ય પ્રભુ વધુ નારાજ થાય તેવા દુષ આચારો કરતાં આપણે કયારે અટકીશું?

આ કપરા સમયમાં ઉત્સાહ ને સકારાત્મક ઉર્જાથી જીવવાની અને સ્વાર્થી લાલચુ બની અમાનવીય આચરણ કરતાં અટકવાની 'સબકો સન્મતિ દે ભગવાન' એવી આપણા સૌ વતી પ્રાર્થના છે...

બાકી, હજી ય નહીં સમજીએ તો એ ના ભૂલી કે :

'જેવી કરે છે કરણી
તેવી તરત ફળે છે,
બદલો ભલા-બુરાનો
અહીં ને અહીં મળે છે!!'